### જાહેર માર્ગો, બજારો અને નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર; અનેક વાહનો બંધ પડ્યા

# પાદરામાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી, ખેડૂતો સહિત શહેરીજનોમાં ખુશી

**સીઝનમાં** પ્રથમ વખત નોંધપાત્ર વરસાદ; ગરમી-ઉકળાટથી મળી રાહત

(પ્રતિનિધિ) પાદરા.તા.7

પાદરા-વડુ પંથક માં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી, ખેડૂતો સહિત શહેરીજનોમાં ખુશીનો માહોલ - પાદરા માં ગઈ કાલે સાંજ થી વહેલી સવાર સુધી ૨ ઇંચ થી વધુ વરસાદ ખાબક્યો - મોસમ નો કુલ વરસાદ ૧૫૭ મી.મી. નોંધાયો. સીઝન માં પ્રથમ વખત બે ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

આજે વરસાદી માહોલ હોવાલ



છતાં પણ વરસાદ નોંધાયો નથી. ગઈ કાલે દિવસ દરમ્યાન અસહ્ય ઉકળાટ બાદ મોડી સાંજ ના વાતા વરણ માં પલટો આવ્યો હતો ઠંડા પવન સાથે વરસાદ ની શરૂઆત લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા પાદરા શહેર અને તાલુકાના લોકોને સોમવારની રાત્રે મેઘરાજાએ જોરદાર વરસાદની ભેટ આપી હતી. ગાજવીજ સાથે વરસેલા વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં ગરમી અને ઉકળાટથી પરેશાન શહેરીજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. બીજી તરફ ખેતીલાયક વરસાદ શરૂ થતાં ખેડૂતોમાં પણ ખુશીની લાગણી જોવા મળી હતી.

છેલ્લા ઘણા દિવસોથી વાદળછાયું વાતાવરણ હોવા છતાં નોંધપાત્ર વરસાદ પડતો ન હોવાથી ઉકળાટ અને ગરમીમાં સતત વધારો થઈ રહ્યો હતો. સોમવારની રાત્રે અચાનક ગાજવીજ સાથે શરૂ થયેલા વરસાદે સમગ્ર પાદરા શહેર અને તાલુકાને તરબોળ કરી દીધા હતા. અનેક વિસ્તારોમાં સારો વરસાદ નોંધાતા રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા, જ્યારે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી.

## શિનોરમાં ધોધમાર વરસાદથી જળબંબાકાર

શિનોર પંથકમાં છેલ્લા બે દિવસથી સામાન્ય અમી છાંટાં અને વાદળછાયા વાતાવરણને કારણે ભારે બફારાથી લોકો ત્રસ્ત બન્યા હતા. ત્યારે સોમવારે સાંજે લગભગ 5:45 વાગ્યે અચાનક કાળા ડીબાંગ વાદળો છવાઈ જતાં ગાજવીજ અને તેજ પવન સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. માત્ર દોઢથી બે કલાકમાં અંદાજે બે થી ત્રણ ઈંચ જેટલો વરસાદ વરસતાં શિનોર તથા આસપાસના વિસ્તારોમાં જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું હતું.



વરસાદના જોરદાર ધસારા વચ્ચે ગામના નાળા છલકાઈ ઊઠ્યા હતા, જ્યારે મુખ્ય માર્ગો, બજારો અને રહેણાંક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. શિનોર બસ સ્ટેન્ડથી ગામમાં પ્રવેશતા મુખ્ય માર્ગ પર પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો. અનેક ટુ-વ્હીલર વાહનો પાણીમાં બંધ પડી ગયા હતા, જ્યારે કેટલાક વાહનો પાણીના પ્રવાહમાં લપસી પડ્યાના બનાવો પણ બન્યા હતા.

### સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ શિક્ષણમાં આધુનિકતાનો સ્પર્શ

# વડોદરા જિલ્લાની ૨૦૦થી વધુ પ્રાથમિક શાળાઓમાં ગણિત-વિજ્ઞાનની અત્યાધુનિક લેબ સ્થપાશે

(પ્રતિનિધિ) કરજણ, તા.7

ગુજરાત સરકારના સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત પ્રાથમિક શિક્ષણને વધુ ગુણવત્તાયુક્ત અને આધુનિક બનાવવા મહત્વપૂર્ણ પહેલ હાથ ધરવામાં આવી છે. વડોદરા જિલ્લાના ધોરણ 1 થી 8ની અંદાજિત 200થી વધુ પ્રાથમિક શાળાઓમાં લાખો રૂપિયાના ખર્ચે અત્યાધુનિક ગણિત-વિજ્ઞાન ‘લર્નિંગ બાય ડૂઈંગ’ લેબ સ્થાપવામાં આવી રહી છે. આ યોજનામાં કરજણ તાલુકાની 25 પ્રાથમિક શાળાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.



સરકાર દ્વારા લેબ ઈન્સ્ટોલેશનની કામગીરી ઝડપી ગતિએ ચાલી રહી છે. લેબમાં વિવિધ વૈજ્ઞાનિક સાધનો, ગણિતના શૈક્ષણિક મોડલ અને પ્રયોગાત્મક કિટ ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેના કારણે વિદ્યાર્થીઓ માત્ર પુસ્તકી જ્ઞાન પૂરતા સીમિત નહીં રહે પરંતુ પ્રયોગો દ્વારા વિષયને સરળતાથી સમજી શકશે.

આ પહેલથી ગણિત અને વિજ્ઞાનના શિક્ષકોને પણ નવી શિક્ષણ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓને સમજાવવામાં સરળતા રહેશે. પ્રયોગ આધારિત અભ્યાસથી વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, તાર્કિક વિચારશક્તિ અને સર્જનાત્મકતા વિકસશે. સરકારની આ યોજના પ્રાથમિક શિક્ષણને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે, જેનાથી ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને પણ શહેરોની સમકક્ષ આધુનિક શિક્ષણનો લાભ મળશે.

# પાદરામાં મુખર્જી જન્મજયંતિ નિમિત્તે રક્તદાનનો સેવાયજ્ઞ

**ડૉ. શ્યામા** પ્રસાદ મુખર્જીની 125મી જન્મજયંતિ નિમિત્તે સેવાયજ્ઞ

(પ્રતિનિધિ) પાદરા, તા. 7

પાદરા તાલુકા ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા ભારતના મહાન રાષ્ટ્રવાદી વિચારક અને જનસંઘના સ્થાપક ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીની 125મી જન્મજયંતિ નિમિત્તે કોસરોડસ હોસ્પિટલ, ડભાસા ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાયજ્ઞમાં જીવન જ્યોત બ્લડ બેન્કના સહયોગથી કુલ 55 યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં પાદરા તાલુકા પંચાયતના પ્રમુખ મહેન્દ્રસિંહ પઢીયાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સ્વયં રક્તદાન કરીને



યુવા મોરચાના કાર્યકર્તાઓ અને યુવાનોમાં ઉત્સાહનો સંચાર કર્યો હતો. તેમના આ સેવાભાવી કાર્યને ઉપસ્થિત સૌએ બિરદાવ્યું હતું. રક્તદાન કેમ્પમાં મોટી સંખ્યામાં યુવા કાર્યકર્તાઓ, રક્તદાતા ભાઈઓ-બહેનો અને સામાજિક આગેવાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે વરિષ્ઠ આગેવાનોના માર્ગદર્શન, ડૉક્ટર ટીમ, કાર્યકર્તાઓ તથા સહયોગી મિત્રોના અમૂલ્ય સહકાર બદલ આયોજકો દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### ૧ થી ૧૫ જુલાઈના સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત અનોખી પહેલ

# કપિમન એજ્યુકેશન ટ્રસ્ટનું કરજણ રેલવે સ્ટેશન - નારેશ્વર ખાતે સ્વચ્છતા અભિયાન

(પ્રતિનિધિ) કરજણ, તા.7

આજે, જ્યારે રાષ્ટ્ર સ્વચ્છતાના મહાઅભિયાનમાં જોડાઈ રહ્યું છે, ત્યારે ગુજરાતના કરજણ ખાતે કપિમન એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા એક પ્રેરણાદાયી પહેલ કરવામાં આવી છે. ભારત સરકારના ૧ જુલાઈથી ૧૫ જુલાઈ સુધીના સ્વચ્છતા કાર્યક્રમને અનુસરીને, ટ્રસ્ટે કરજણ રેલવે સ્ટેશન અને નારેશ્વર જેવા મહત્વના સ્થળોએ સફાઈ અભિયાન હાથ ધર્યું હતું. આ કાર્યક્રમ માત્ર એક સફાઈ પૂરતો સીમિત નહોતો, પરંતુ સ્વચ્છતાને જીવનનો અભિન્ન અંગ બનાવવાની ભાવનાને ઉજાગર કરતો હતો.

કપિમન એજ્યુકેશન ટ્રસ્ટના



પ્રમુખ અભિષેક ઉપાધ્યાયના નેતૃત્વ હેઠળ, આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય કરજણ તાલુકાને સ્વચ્છ અને સુઘડ રાખવાનો હતો. ઉપાધ્યાયે સ્વચ્છતાને માત્ર એક સરકારી કાર્યક્રમ નહીં, પરંતુ એક સામાજિક જવાબદારી તરીકે સ્વીકારીને આ પહેલ કરી હતી. તેમના મતે, સ્વચ્છતા એ માત્ર શારીરિક સ્વાસ્થ્ય માટે જ નહીં, પરંતુ માનસિક શાંતિ અને સમૃદ્ધિ માટે પણ અનિવાર્ય છે. આજે, બે અલગ-અલગ ટીમો બનાવીને કરજણ રેલવે સ્ટેશન અને નારેશ્વર ખાતે સફાઈ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

# છોટાઉદેપુરના ભીલપુર ગામે ગમખ્વાર અકસ્માત

**ડમ્પરે** બાઈક ચાલકને અડફેટે લેતા મંડલવાના શ્રમિક ગંભીર રીતે ઘાયલ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા. 7

આજે છોટાઉદેપુરના ભીલપુર ગામ નજીક એક કાળમુખા ડમ્પરે મોટરસાઈકલ ચાલકને જોરદાર ટક્કર મારતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક સવાર આધેડને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ, છોટાઉદેપુર તાલુકાના મંડલવા ગામના રહેવાસી નગીનભાઈ નાયક નામના આધેડ રોજની જેમ આજે પણ બોડેલી ખાતે મજૂરી કામ અર્થે અપ-ડાઉન કરી રહ્યા હતા. તેઓ જ્યારે પોતાની મોટરસાઈકલ લઈને ભીલપુર ગામ પાસેથી પસાર થઈ



રહ્યા હતા, તે દરમિયાન પૂરપાટ ઝડપે આવી રહેલા એક ડમ્પરના ચાલકે તેમની બાઈકને અડફેટે લીધી હતી. ડમ્પરની ટક્કર એટલી જોરદાર હતી કે નગીનભાઈ રોડ પર ફગવાઈ ગયા હતા અને તેમને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત થતાં જ આસપાસના સ્થાનિક લોકો અને રાહદારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. લોહીલુહાણ હાલતમાં પડેલા ઈજાગ્રસ્તને સારવાર આપવા માટે તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી.

### મોટી ઝડુલી દુર્ઘટના કેસમાં પોલીસની કાર્યવાહી

# બે બાળકીઓના ડૂબી જવાના કેસમાં કોન્ટ્રાક્ટર અને ઈજનેર સામે ફરિયાદ

(પ્રતિનિધિ) નસવાડી, તા.7

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના મોટી ઝડુલી ગામે બે બાળકીઓ કોતરના પાણીમાં ડૂબી જવાની ઘટનામાં જલારામ પ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડ એજન્સીના માલિક અને ઈજનેર સામે પોલીસ ફરિયાદ નોંધાઈ.

નસવાડી તાલુકાના કુપ્પા જૂથ પાણી પુરવઠા યોજનામાં 72 ગામોને 72 કરોડના ખર્ચ પાણી પુરવઠા વિભાગે જલારામ પ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડ અમદાવાદની એજન્સીને કોન્ટ્રાકટ આપ્યો હતો. નસવાડી તાલુકાના કુપ્પા ગામે નર્મદા નદીમાંથી પાણી લઈને તેને ફિલ્ટર કરીને નસવાડી તાલુકામાં 72 ગામોને પાણી પૂરું પાડવાની યોજના છે જેમાં કવાંટ તાલુકાનુ મોટીઝડુલી ગામે નસવાડી તાલુકાની બોર્ડર ઉપર આવેલું છે જ્યાં કુપ્પા જૂથ પાણી પુરવઠા યોજનાની પાણીની લાઈન મોટીઝડુલી ગામે પાસે મુસાભાઈ કાંતિભાઈ ભીલના ખેતર પાસેથી પસાર થાય છે તે પાણીની લાઈનમાંથી પાણી લીકેજ થઈ કોતરમાં પાણી ભરાતા તે પાણીમાં ભીલ નિરૂમતીબેન ભૂદરીયાભાઈ ઉ.વ.4 વર્ષ તેમજ ભીલ મીનાક્ષીબેન ભૂદરીયાભાઈ ઉ.વ. 3 વર્ષ બંનેવ દીકરીઓ ડૂબી જતા મોત થતા મોડી રાત સુધી આદિવાસી સમાજના લોકો કુપ્પા પાણી પુરવઠા વિભાગના કોન્ટ્રાકટર સામે પુત્રીના પિતા ભીલ ભૂદરીયાભાઈ વેચાણીયાભાઈ નાઓ ફરિયાદ નોંધવવા માટે મોરચો માંડતા તંત્ર બીજા દિવસે મંગળવારના રોજ બપોરના સમયે કુપ્પા પાણી પુરવઠા યોજનામા કામ કરતી એજન્સી જલારામ પ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડ 401 વિઠ્ઠલવિલા સતાધાર સર્કલ પાસે સોલા રોડ થલતેજ અમદાવાદ એજન્સીના માલિક દિલીપભાઈ પટેલ તેમજ ઈજનેર પ્રવીણભાઈ ચતુરભાઈ પટેલ નાઓ વિરુદ્ધ નિર્માણ કરેલ કુપ્પા જૂથ પાણી પુરવઠા યોજના અંતર્ગત પાઈપલાઈનનુ સમયાતર મેઈન્ટેનન્સ અને જાળવણીની કામગીરીમાં ધોરબેદરકારી રાખતા બે પુત્રીઓના મોત થતા કવાંટ પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાઈ છે.

## પીપળી મિશ્ર પ્રાથમિક શાળામાંથી સરકારનું લેપટોપ ચોરી, પાદરા પોલીસમાં ગુનો નોંધાયો

પાદરા : પાદરા તાલુકાના પીપળી ગામ સ્થિત પીપળી મિશ્ર પ્રાથમિક શાળામાંથી સરકાર દ્વારા સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત ફાળવવામાં આવેલ લેપટોપની ચોરી થતાં પાદરા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધાયો છે. પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, તા. 25 જૂનથી 27 જૂન 2026 દરમિયાન કોઈપણ સમયે અજાણ્યા ચોરે શાળાના કોમ્પ્યુટર રૂમમાં પ્રવેશ કરી સ્માર્ટ બોર્ડ પાસે ટેબલ પર મૂકવામાં આવેલ ACER કંપનીનું મોડેલ 1422-493 લેપટોપ, જેની કિંમત રૂ. 33,040 છે, તેની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે શાળાના આચાર્ય અશોકકુમાર અંબાલાલ સોલંકી (રહે. સેજાકુવા, તા. પાદરા)એ પાદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# બોડેલીમાં પ્રાથમિક શિક્ષક સંઘે મામલતદારને આવેદન આપ્યું



(પ્રતિનિધિ) બોડેલી, તા.7

બોડેલી તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા શિક્ષકોના બાકી ચૂંટણી ભથ્થાની ચુકવણીની માંગ સાથે મામલતદારને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું. સંઘના હોદ્દેદારોએ રજૂઆતમાં જણાવ્યું હતું કે, તા. 26 એપ્રિલ, 2026ના રોજ યોજાયેલી જિલ્લા અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી દરમિયાન બોડેલી તાલુકાના પ્રાથમિક શિક્ષકોને વિવિધ ચૂંટણી કામગીરી સોંપવામાં આવી હતી. શિક્ષકોએ નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ બજાવી હોવા છતાં તેમને મળવાપાત્ર ચૂંટણી ભથ્થું હજુ સુધી ચૂકવવામાં આવ્યું નથી. શિક્ષક સંઘે જણાવ્યું હતું કે ભથ્થાની ચુકવણીમાં વિલંબ થતાં શિક્ષકોમાં અસંતોષની લાગણી વ્યાપી છે. ભથ્થું તાત્કાલિક ધોરણે ચૂકવવામાં આવે તેવી માંગ સાથે મામલતદાર મારફતે સંબંધિત તંત્રને રજૂઆત કરવામાં આવી હતી. આવેદનપત્ર આપતી વખતે બોડેલી તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારો તથા શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# ધોડિયાલા શાળા-આંગણવાડીના બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ

**સરકારી** કર્મચારીઓ અને યુવાનોના સહયોગથી ૪૫ વિદ્યાર્થીઓને મળ્યો લાભ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.7

પાવીજેતપુરના ધોડિયાલા પ્રાથમિક શાળા અને આંગણવાડીના બાળકોને શૈક્ષણિક કીટ વિતરણ કરવામાં આવી. પ્રાથમિક શાળા અને આંગણવાડીમાં અભ્યાસ કરતા આશરે 45 જેટલા વિદ્યાર્થીઓ માટે ધોડિયાલા ગામના સેવાભાવી અને દેશની સેવામાં કાર્યરત યુવાનો દ્વારા એક અનોખી સામાજિક પહેલ કરવામાં આવી છે. ગામના બાળકો શિક્ષણમાં આગળ વધે તેવા આશય સાથે ‘ધોડિયાલા સંઘર્ષ ગ્રુપ’ દ્વારા સતત બીજા વર્ષે વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ તૈયાર કરી આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા



માટે ગામના વિવિધ ક્ષેત્રના સરકારી કર્મચારીઓ અને ઉત્સાહી યુવાનોએ સાથે મળીને ફંડ એકત્ર કર્યું હતું, ગામના ઉત્સાહી યુવાનોના સંયુક્ત આર્થિક યોગદાન અને પ્રયાસોથી આ શૈક્ષણિક કીટ વિતરણ કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો અને ગ્રામજનોએ આ ઉમદા કાર્યને બિરદાવ્યું હતુ.

આ પ્રસંગે વાલીઓ અને ગ્રામજનોએ યુવાનોની આ સેવાભાવી પહેલને હૃદયપૂર્વક બિરદાવી હતી. બાળકોમાં પણ નવી કીટ મળતાં આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.

## સંખેડા બસ ડેપો પાસેથી ફરાર આરોપીની પોલીસે કરી ધરપકડ

બોડેલી : છોટાઉદેપુર જિલ્લા ના એમ.એફ.ડામોર પોલીસ ઈન્સ્પેકટર લોકલ ક્રાઈમ બ્રાન્ચ છોટાઉદેપુર નાઓએ એલ.સી.બી સ્ટાફના પોલીસ કર્મચારીઓને સુચના આપેલ જે અન્વયે એલ.સી.બી સ્ટાફના પોલીસ કર્મચારીઓ સંખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન એલ.સી.બી પો.ઈન્સશ્રી નાઓએ ટેલીફોનથી સમજ કરેલ કે, સંખેડા પોલીસ સ્ટેશન સી પાર્ટ ગુ.ર.નં.૧૧૧૮૪૦૦ ૯૨૫૦૪૫૩/૨૦૨૫ પ્રોહી કલમ. ૬૫(એ) (ઈ),૯૮(૨) મુજબના ગુનાના કામે નાસતો ફરતો આરોપી સંખેડા બસ ડેપો પાસે ડભોઈ જવા માટે બસમાં બેસવા સારૂ ઉભો છે, અને તેણે બદનમાં સફેદ કલરની અડધી બાયની ટી-શર્ટ તથા કમરે મહેંદી કલરનો પેન્ટ પહેરેલ છે.

# કુક્સ-સાધલી માર્ગે વૃક્ષ પડતાં બાઈકચાલકનું મોત

**શિનોર** પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો

(પ્રતિનિધિ) શિનોર, તા. 7

વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં સતત વરસી રહેલા ધોધમાર વરસાદ અને પવન વચ્ચે સોમવારે કુક્સથી સાધલી જવાના માર્ગ પર નર્સરી નજીક એક કરુણ અકસ્માત સર્જાયો હતો. રસ્તા પરથી પસાર થઈ રહેલા બાઈક પર અચાનક મહાકાય વૃક્ષ ધરાશાયી થતાં બાઈકચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે તેમની પત્નીને ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાથમિક માહિતી મુજબ, કરજણ તાલુકાના રહેવાસી અંદાજે 60 વર્ષીય મધુભાઈ વસાવા અને તેમના પત્ની અણસોયાબેન વસાવા બાઈક પર મોલ્લેથાથી કરજણ



તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન કુક્સ-સાધલી માર્ગ પર નર્સરી પાસે અચાનક વૃક્ષ ધરાશાયી થતાં બંને તેની ઝપેટમાં આવી ગયા હતા. ઘટનાની જાણ થતાં શિનોર પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોટા ફોફળિયા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે શિનોર તાલુકા પંથકમાં હાલ પવનના જોરદાર સુસવાટા સાથે ધોધમાર વરસાદ વરસી રહ્યો છે, જેના કારણે અનેક સ્થળોએ વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓ પણ સામે આવી રહી છે.

### વરસાદથી ડાયવર્ઝન ધોવાયું, વાહનવ્યવહાર પ્રભાવિત

# મોડાસર-જબુગામ ડાયવર્ઝન બંધ થતાં ભારધારી વાહનો અટવાયા

(પ્રતિનિધિ) બોડેલી, તા.7

બોડેલી તાલુકાના મોડાસરથી જબુગામ વચ્ચે નદી પટમાં બનાવવામાં આવેલ ડાયવર્ઝન વરસાદી પાણીના કારણે ધોવાઈ જતાં અવરજવર માટે બંધ કરવામાં આવ્યો છે. પરિણામે અનેક ભારધારી વાહનચાલકો અટવાઈ પડ્યા હતા અને લાંબા ફેરા મારવાની ફરજ પડી રહી છે. બોડેલીનો ઓરસંગ બ્રિજ તેમજ મેરીયા બ્રિજ છેલ્લા લગભગ દસ મહિનાથી ભારધારી વાહનો માટે બંધ હોવાથી સ્થાનિક લોકો અને વાહનચાલકો નદી પટમાં બનાવવામાં આવેલા આ ડાયવર્ઝનનો શોર્ટકટ તરીકે ઉપયોગ કરતા હતા. પરંતુ તાજેતરના વરસાદ બાદ



ડાયવર્ઝનનો રસ્તો ધોવાઈ જતાં સલામતીના ભાગરૂપે તેને બંધ કરી દેવામાં આવ્યો છે.અને રીપેરીંગ કામગીરી શરૂ કરવામાં આવી છે.

ડાયવર્ઝન બંધ થતાં વેપારીઓ, ખેડૂતો અને દૈનિક અવરજવર કરતા લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. અને મોટા ફેરા ફરવાનો વારો આવ્યો છે. જેથી કરીને સ્થાનિકોમાં એવી માંગ ઉઠી રહી છે કે ઓરસંગ અને મેરીયા બ્રિજના જરૂરી સમારકામની કામગીરી ઝડપથી પૂર્ણ કરી ભારધારી વાહનો માટે વહેલી તકે બંને બ્રિજ શરૂ કરવામાં આવે, જેથી લોકોને રાહત મળે અને સમય તેમજ આર્થિક નુકસાનથી બચી શકાય.